# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 62 ■ પુસ્તકઃ ૧૯૮ ■ અંકઃ ૧૧૬ ■ વૈશાખ સુદ - ૧૨

■ વિક્રમ સંવત ૨૦૭૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 May 2019, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૬ મે, ૨૦૧૯ (૧૨+૮ પાનાં લાડકી) કિંમત ₹ ૭.૦૦







# બંગાળમાં બબાલ



## ભાજપના ગુંડાઓએ વિદ્યાસાગરની પ્રતિમાને નુકસાન કર્યુંઃટીએમસી

નવી દિલ્હીઃ કલકતામાં થયેલા તોફાનો દરમિયાન સમાજ સુધારક ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરની પ્રતિમાને નુકસાન પહોંચાડાતું હોવાનો વીડિયો વહેતો કરીને ટીએમસીએ એવો દાવો કર્યો હતો કે ભાજપના ગુંડાઓએ આ કામ કર્યું છે અને અમે વીડિયો ચૂંટણી પંચને આપીશું.

સામે પક્ષે ભારતીય જનતા પક્ષના પ્રમુખ અમિત શાહે એવો આક્ષેપ કર્યો હતો કે સત્તાધારી ટીએમસી રાજ્યમાં હિંસા ફેલાવી રહી છે, પણ ચૂંટણીપંચ મૂક દર્શક બની રહ્યું છે.

અમિત શાહના રૉડ શૉ દરમિયાન મંગળવારે કલકતામાં કથિત રીતે ટીએમસીના સમર્થકોએ વિદ્યાસાગર કૉલેજની હૉસ્ટેલની અંદરથી પથ્થરમારો કર્યા બાદ ભાજપ

(જુઓ પાનું ૬) ▸▸

## હતાશ મમતાએ શાહના રોડ શોમાં હુમલો કરવા ગુંડાઓ મોકલ્યા હતાઃ ભાજપ

દેહરાદૂનઃ ભાજપના ઉત્તરાખંડ એકમે બુધવારે તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)નાં વડાં મમતા બેનર્જી પર ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શાહના રોડ શોમાં હુમલો કરવા માટે ગુંડા મોકલવાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે વર્તમાન ચૂંટણીમાં મમતાને તેમની સરમુખત્યારશાહીની હાર દેખાઇ રહી હોવાથી તેઓ હતાશ થઇ ગયાં છે.

મંગળવારે ભાજપ પ્રમુખ અમિત શાહના જંગી રોડ શો દરમિયાન કોલકતાની શેરીઓમાં ભાજપ અને તૃણમૂલના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણમાં શાહને કોઇ ઇજા નહોતી થઇ, પરંતુ તેમને તેમનો રોડ શો અટકાવીને પોલીસ રક્ષણ મેળવવાની ફરજ પડી હતી.

'મમતા બેનર્જી હતાશ થઇ ગયાં છે કારણ કે તેમની પાર્ટી ભાજપના

(જુઓ પાનું ૬) ▸▸

## પ્રચાર બંધ કરવાનો ચૂંટણી પંચનો આદેશ

નવી દિલ્હીઃ કોલકાતામાં ટીએમસી અને ભાજપના સમર્થકો વચ્ચે ફાટી નીકળેલી હિંસાને પગલે ચૂંટણીપંચે પશ્ચિમ બંગાળના નવ મતદાર ક્ષેત્રમાં નિયમ કરતા એક દિવસ અગાઉ એટલે કે ગુરુવારે રાતે ૧૦ વાગ્યા સુધીમાં પ્રચાર બંધ કરી દેવાનો આદેશ આપ્યો હતો. હિંસા દરમિયાન બંગાળી સમાજસેવક ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરના પૂતળાની તોડફોડ કરવામાં આવી હતી. છેલ્લા તબક્કાનું મતદાન ૧૯મી મેને દિવસે થવાનું છે અને એ અગાઉ ચૂંટણીપંચે બંધારણની કલમ ૩૨૪નો ઉપયોગ કરીને ચૂંટણી પ્રચાર એક દિવસ વહેલો બંધ કરવાનો આદેશ બહાર પાડ્યો હતો. આ સાથે ચૂંટણીપંચે રાજ્યના પ્રમુખ સચિવ (ગૃહ) અને સીઆઇડી ખાતાના વધારાના ડિરેક્ટર જનરલની પશ્ચિમ બંગાળમાંથી બદલી કરવાના આદેશ આપ્યા હતા. (પીટીઆઇ)■


magic|mirror®
BY PRATIK GADA
Bridal Couture • Art Jewellery
S.V Road, Santacruz(West) : Art Jewellery & Exclusive Wedding Garments
Matunga Central : Only Art Jewellery
www.magicmirror.in
Santacruz : (022) 2648 8440/44 | Matunga : (022) 2417 4736


## ચૂંટણી પંચ મૂકપ્રેક્ષકઃ અમિત શાહનો આક્ષેપ

નવી દિલ્હીઃ ભાજપના પ્રમુખ અમિત શાહે ચૂંટણી પંચ પર બેવડા ધોરણ અપનાવવાનો અને પશ્ચિમ બંગાળમાં આચારસંહિતાના થઈ રહેલા ભંગને મૂકપ્રેક્ષક બની નિહાળી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. મંગળવારે કોલકોતામાંના રોડ શો દરમિયાન થયેલી હિંસા માટે અમિત શાહે તૃણમૂલ કૉંગ્રેસને જવાબદાર ગણાવી હતી.

શિક્ષણશાસ્ત્રી અને સમાજસુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાને ભાજપના કાર્યકરોએ ખંડિત કરી હતી તેવા ટીએમસીના આક્ષેપને અમિત શાહે ફગાવી દીધો હતો.

અમિત શાહે બુધવારે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને કહ્યું કે, 'પશ્ચિમ બંગાળમાં ચૂંટણીમાં ગરબડ કરવાના પ્રયત્નો ચૂંટણી પંચ મૂકપ્રેક્ષક બની જોઈ રહ્યું છે. તેમણે તરત જ હસ્તક્ષેપ કરવો જોઈએ. દેશભરમાં ચૂંટણીના સમય દરમિયાન ગુનાહિત રેકોર્ડ ધરાવતા ગુનેગારોને જેલમાં ધકેલવામાં આવે છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં

(જુઓ પાનું ૬) ▸▸

## 'ટોળાશાહી'ને ઉત્તેજન આપવા માટે મોદી-શાહ જવાબદારઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ કોલકતામાં ભાજપના પ્રમુખ અમિત શાહના રોડ-શો દરમિયાન થયેલી હિંસાને કૉંગ્રેસે બુધવારે વખોડી હતી, પરંતુ એવો આક્ષેપ પણ કર્યો હતો કે દેશમાં 'ટોળાશાહી'ને ઉત્તેજન આપવા માટે તથા રાજ્યોની સાંસ્કૃતિક ઓળખને નુકસાન પહોંચાડવા બદલ નરેન્દ્ર મોદી-અમિત શાહ જવાબદાર છે.

કૉંગ્રેસના પ્રવક્તા અભિષેક સિંઘવીએ રાષ્ટ્રીય પ્રતીક સમાન અને સમાજ-સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાને ખંડિત કરવાના બનાવને વખોડીને આ ઘટનાને 'શરમજનક' ગણાવી હતી.સિંઘવીએ આક્ષેપમાં કહ્યું હતું કે 'ભાજપ-શાસિત દરેક રાજ્યમાં સ્વાયત્ત માળખાને, પ્રાદેશિક આકાંક્ષાઓ પ્રત્યેના સન્માનને,

(જુઓ પાનું ૬) ▸▸












## અમેરિકા-ઈરાન ટેન્શન

## અમેરિકાએ પોતાના સ્ટાફને પાછો બોલાવી લીધો

તેહરાન-વોશિંગ્ટનઃ સાઉદી અરેબિયાના બે ઓઈલ ટેન્કર પર અને મુખ્ય ઓઈલ પાઈપલાઈન પર હુમલો થયા પછી ગલ્ફ ક્ષેત્રમાં તણાવ ક્રમશઃ વધી રહ્યો છે. કોઈ અઘટિત બનાવ ન બને તે માટે અમેરિકાએ ઈરાકની રાજધાની બગદાદ અને એર્બિલના દૂતાવાસ આંશિક રીતે બંધ કર્યા છે. બંને દૂતાવાસમાં ફકત 'ઈર્મજન્સી સ્ટાફ'ને જ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઈરાન હુમલો કરી શકે છે તેવી સંભાવના ધ્યાનમાં રાખીને દૂતાવાસ ખાલી કરાવ્યા છે. ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકાએ સૈન્યતાકાત પણ વધારી છે. અમેરિકાએ 'એરક્રાફ્ટ સ્ટ્રાઈક ગ્રુપ' તૈનાત કરશે તેવું કહ્યું છે.

દરમિયાન ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખેમેનીએ મંગળવારે ગર્ભિત ચેતવણી આપી હતી કે 'યુરેનિયમ એનરિચમેન્ટ' (શુદ્ધિકરણ) કરીને ૨૦ ટકા યુરેનિયમ એનરિચમેન્ટ કરવું ઈરાન માટે મુશ્કેલ નથી. ખેમેનીએ કહ્યું હતું કે 'અમે અથવા તેઓ લડાઈ કરવા ઈચ્છુક નથી. તેમને જાણ છે કે તેમને લાભ નહીં થશે.'

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે મહાસત્તાઓએ કરેલા અણુકરારમાંથી એક વર્ષ અગાઉ બહાર નીકળી ગયા હતા. ઈરાને મંગળવારે પ્રથમ વાર અણુકરારથી પીછેહઠ કરવાના સંકેત આપ્યા હતા. ઈરાન કહે છે કે જો નવા અણુકરાર નહીં કરવામાં આવે તો યુરેનિયમ એનરિચમેન્ટ સાઠ દિવસ પછી શરૂ કરવામાં આવશે. હાલના અણુકરાર પ્રમાણે ઈરાન ફકત ૩.૬૭ ટકા યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકે છે.

ઈરાકમાં ઈરાનનો પ્રભાવ હોવાથી અમેરિકાએ દૂતાવાસો

(જુઓ પાનું ૬) ▸▸

## મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે 'કલંકરૂપ' હતાઃ માયાવતી

લખનઊઃ બહુજન સમાજ પક્ષ (બસપ)નાં વડાં માયાવતીએ બુધવારે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે 'કલંકરૂપ' અને ભારતીય જનતા પક્ષ (ભાજપ) માટે 'બોજરૂપ' હતા.

તેમણે મોદીજીને દેશના કોમવાદના ઇતિહાસમાંના સૌથી ખરાબ નેતા ગણાવીને જણાવ્યું હતું કે મોદીના મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન તરીકેના શાસનકાળ દરમિયાન 'અરાજકતા અને દ્વેષભાવ' જોવા મળ્યા હતા અને તેઓ આ બન્ને હોદ્દા માટે 'અયોગ્ય' હતા. માયાવતીએ અહીં જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશનાં મુખ્ય પ્રધાન તરીકેનો મારો ચાર વખતનો કાર્યકાળ 'સ્વચ્છ' રહ્યો હતો અને મેં તે સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવા, વિકાસ માટે તેમ જ જનકલ્યાણાર્થે કરેલા કાર્યોને જનતા આજે પણ યાદ કરે છે.

બહુજન સમાજ પક્ષનાં વડાંએ દાવો કર્યો હતો કે હવે એ વાત સ્પષ્ટ છે કે

(જુઓ પાનું ૬) ▸▸

## પરાજયનો દોષ માથે લેવા કૉંગ્રેસે 'બે બૅટ્સમેન'ને મેદાનમાં ઉતાર્યા છેઃ મોદી

દેવગઢ (ઝારખંડ): કૉંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં હારી જશે એવું ભારપૂર્વક કહેવાની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે દાવો કર્યો હતો કે આ પક્ષે 'નામદાર'ને બચાવવા માટે 'બે બૅટ્સમેન'ને મેદાન પર મોકલ્યા છે.

મોદીએ મણિશંકર ઐયર અને સૅમ પિત્રોડાને આડકતરી રીતે નિશાન બનાવતાં કહ્યું હતું કે આ પક્ષે જાણે આ બન્ને જણને ચૂંટણીના નબળા શો માટેની જવાબદારી ઉપાડવા કહ્યું છે. '૧૯૮૪ના શીખ-વિરોધી રમખાણના મુદ્દે હુઆ તો હુઆ, એવું કહે છે અને બીજાએ ગુજરાતની ચૂંટણી દરમિયાન પડદા પાછળથી મને ગાળો આપવાનું કામ કર્યા બાદ હવે ફરી મારા પર પ્રહારો શરૂ કર્યા છે,' એવું મોદીએ કહ્યું હતું.

પિત્રોડાએ 'હુઆ તો હુઆ' કમેન્ટ બદલ કૉંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીના ક્રોધનો સામનો કરવો પડ્યો છે, જ્યારે ઐયરે એક લેખમાં મોદી માટે 'નીચ'

(જુઓ પાનું ૬) ▸▸






## યુનોએ આઈએસઆઈએસની દક્ષિણ એશિયા શાખા પર પ્રતિબંધ મૂક્યો

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ અહીંની સલામતી સમિતિએ આઇએસઆઇએસની દક્ષિણ એશિયાની શાખા ગણાતા ત્રાસવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાન (આઇએસઆઇએલ-કે) પર પ્રતિબંધ મૂક્યો હતો.

પાકિસ્તાની નાગરિક અને તહેરીકે તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ના ભૂતપૂર્વ કમાંડર હાફિઝ સઇદ ખાન દ્વારા ૨૦૧૫માં ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાનની સ્થાપના કરાઇ હતી.

ત્રાસવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાન અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં દોઢસોથી વધુ લોકોના જાન લેનારા ત્રાસવાદી હુમલામાં સંડોવાયું છે.

અગાઉ, સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિએ પહેલી મેએ પાકિસ્તાનના જૈશે મહંમદના વડા મસૂદ અઝહરને 'વૈશ્વિક ત્રાસવાદી' જાહેર કર્યો હતો.

મસૂદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરાતા પાકિસ્તાનને તેની અસ્કયામતને સ્થગિત કરવાની અને તેના પ્રવાસ પર નિયંત્રણ મૂકવાની ફરજ પડી હતી.ન્યૂ યોર્કમાં આવેલી અમેરિકી લશ્કરની એકેડેમીની એકેડેમિક ઇન્સ્ટિટ્યૂશનના કૉમ્બેટિંગ ટેરરિઝમ સેન્ટરે દાવો કર્યો હતો કે લશ્કરે તૈયબા, જમાત-ઉદ-દાવા, હક્કાની નેટવર્ક અને ઇસ્લામિક મુવમેન્ટ ઑફ

(જુઓ પાનું ૬) ▸▸